**અમદાવાદ(રૂરલ)ના મહે.૮મા એડી.જ્યુડી.મેજી.ફ.ક સાહેબશ્રીની કોર્ટમાં,મુ.અમદાવાદ**

**ક્રિમીનલ કેસ નં.૯૧૫૬/૨૦૨૧**

**આંક:-**

## -: ચુકાદો :-

(૧). આ કામે આરોપીઓ સામે ધી જુગારધારા કલમ-૧૨ મુજબના ગુન્હા અંગે સંબંધીત પો.સ્ટે દ્રારા કોર્ટ સમક્ષ ચાર્જશીટ રજુ કરવામા આવેલ છે. આ કામે આરોપી નં.૧ થી ૩ ની જુગારધારા કલમ-૧૨ મુજબની પ્લી નોંધવામાં આવેલ છે. જેમા તેઓએ ગુન્હાનો સ્વીકાર કરતુ નીવેદન આપેલ. વધુમાં આરોપી નં.૧ થી ૩ નાઓએ અલગથી કબુલાત પુરસીસ રજુ કરી ગુન્હાની કબુલાત કરેલ છે તથા આરોપીઓએ રોકડ રકમ અંગે નો-કલેઈમ પુરસીસ રજુ કરેલ છે. જે રેકર્ડ કરી સદર આરોપી નં.૧ થી ૩ નાઓને તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપી નં.૧ થી ૩ નાઓની ગુન્હાની કબુલાત ન માનવાને કોઈ કારણ નથી અને તેણે દયાની માંગણી કરેલ છે. તેનો આ પ્રથમ ગુન્હો હોવાનું તે જણાવે છે. હવેથી આવો ગુન્હો નહીં કરવાની તે ખાત્રી આપી પોતાની ભુલ સુધારતા માંગતા હોવાનું જણાવે છે. તથા આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાનું જણાવે છે. આરોપી નં.૧ થી ૩ નાઓની કબુલાત પુરસીસ તેની મૌખિક દલીલો ધ્યાને લેતાં તથા ફરીયાદના ગુન્હાની જોગવાઈ ધ્યાને લેતાં તેમજ આજ રોજ નેશનલ લોક અદાલતમા સ્પેશીયલ સીટીંગનું આયોજન કરેલ હોય તે ધ્યાને લેતાં સદર કેસમાં આરોપી નં.૧ થી ૩ નાઓને ઓછામાં ઓછો દંડ કરવો મને ન્યાયી અને ઉચિત જણાતુ હોય નીચે મુજબનો છેવટનો હુકમ ફરમાવુ છું.

## -: હુકમ :-

આરોપી નં.૧) વિપુલભાઈ નટવરભાઈ પ્રજાપતિ, આરોપી નં.૨) વિમલભાઈ કિશોરભાઈ શાહ તથા આરોપી નં.૩) વિજય વિનોદભાઈ પ્રજાપતિ નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૫૨ મુજબ ધી જુગારધારા કલમ-૧૨ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી દરેક આરોપીને રૂા.૫૦/- (અંકે રૂપિયા પચાસ પુરા)ના દંડની સજા ફરમાવવામાં આવે છે જો આરોપીઓ દંડની રકમ ન ભરે તો દિન-૧ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે .

આજ તારીખ-૧૧-મી, માહે-સપ્ટેમ્બર, સને-૨૦૨૧ ના રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :૧૧/૦૯/૨૦૨૧
સ્થળ : અમદાવાદ(ગ્રામ્ય)

(કુ.એસ.એન ફાળકી)
આઠમા એડી.સીવીલ જજ
અને જ્યુડી.મેજી.ફ.ક,અમદાવાદ (ગ્રામ્ય),મીરઝાપુર
**CODE NO.001579**